ધોળકા

# નગરવાણી

નગરવિકાસમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહિત કરતું સામયિક વર્ષ-૨, અંક-૮, સળંગ અંક-૧૯ ઓગસ્ટ, ૨૦૦૫

**પાલિકાની પગદંડીએ**

## પાણી જોડાણ માટેના અને ખાસ પાણી ફીના નિયમો

નગરપાલિકાએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૨૭૧(ઢ) હેઠળ તેને મળેલી સત્તાની રૂએ પાણી જોડાણ માટેના અને ખાસ પાણી ફીના આ નિયમોની તાજેતરમાં જાહેરાત કરી છે:

### ૧. જોડાણના નિયમો

૧. પાણીનું જોડાણ મેળવવા નમૂનાના અરજી ફોર્મમાં માગણી કરવાની રહેશે. અરજી ફોર્મ સાથે જે તે મિલકતનું પ્રોપર્ટી કાર્ડ અથવા દસ્તાવેજ અથવા ૭/૧૨ની તાજી નકલ રજૂ કરવાની રહેશે.

૨. ઈમારત, જમીનના માલિક અથવા તેણે અધિકૃત કરેલા એજન્ટ અથવા ભોગવટો કરનારની લેખિત સંમતિથી સખાવતી, શૈક્ષણિક અથવા ધાર્મિક કારણસર વપરાતી ઈમારતના સંબંધમાં તે સંસ્થાઓના ટ્રસ્ટીઓની, મેનેજરની ડિરેક્ટરની અથવા અધિકૃત કરેલ હોય તે વ્યક્તિને લેખિત ઠરાવ કે સિવાય કોઈ જોડાણ આપવું નહિ.

૩. ખાસ પાણી ફીની રકમ દરેક વર્ષની પહેલી એપ્રિલથી શરૂ થતા વર્ષ માટે અગાઉથી પૂરેપૂરી એકસામટી ભરપાઈ કરવાની રહેશે.

૪. જોડાણ લેનાર તરફથી નગરપાલિકાની કોઈ પણ પ્રકારની બાકી લેણી રકમ જ્યાં સુધી પૂરેપૂરી ભરપાઈ કરેલી ન હોય ત્યાં સુધી નગરપાલિકા જોડાણ આપવાનો ઈન્કાર કરી શકશે.

૫. મકાન બાંધકામના હેતુઓ માટે કામચલાઉ ધોરણે પાણીનું જોડાણ લેનારે ખાસ પાણી ફીની રકમ નિર્ધારિત સમય માટે અગાઉથી જ પૂરેપૂરી ભરવાની રહેશે.

૬. તે માટે અરજી ફોર્મ સાથે નગરપાલિકાના સક્ષમ અધિકારી તરફથી મળેલી બાંધકામ પરવાનગીની નકલ અવશ્ય સામેલ કરવાની રહેશે. સક્ષમ અધિકારી દ્વારા જોડાણ માટેની મંજૂરી મળ્યા બાદ જ કામચલાઉ જોડાણ કરવાનું રહેશે. બાંધકામ પૂરું થયે નવી અરજી કરી ચાર્જ ભરવાનો રહેશે. કામચલાઉ પાણી જોડાણ નિયમિત કરાવવામાં ન આવે ત્યાં સુધી તેવા જોડાણની ફી બાંધકામ હેતુ માટે જ ગણીને વસૂલ લેવામાં આવશે.

૭. વોટર વર્ક્સ ઈન્સ્પેક્ટરની ભલામણના આધારે નળ જોડાણ મંજૂર કે નામંજૂર કરવાનો અંતિમ નિર્ણય મુખ્ય અધિકારી લેશે. કોઈ પણ કારણસર ચાલુ જોડાણ બંધ કરવામાં આવ્યું હશે તો તે ફરીથી ચાલુ કરવાની સત્તા પણ મુખ્ય અધિકારીની રહેશે. આ નિર્ણયથી નારાજ થનાર વ્યક્તિ ૩૦ દિવસમાં અપીલ કરી શકશે અને વોટર વર્ક્સ સમિતિના નિર્ણયથી નારાજ થનાર વ્યક્તિ નગરપાલિકાના જનરલ બોર્ડને દિન-૩૦માં અપીલ કરી શકશે.

૮. નળ જોડાણ લેનારે પાણીની પાઈપ લાઈનથી પોતાના મકાન સુધી પાઈપ લાઈન પોતાના ખર્ચે નાંખવાની રહેશે.

૯. પાણી જોડાણ નગરપાલિકાના લાયસન્સ ધારક પ્લમ્બર પાસે જ કરાવવાનું રહેશે. તેમ જ મંજૂર થયેલું નળ જોડાણ પોતાની માલિકીની જ જગ્યામાં લેવાનું રહેશે. તે માટે પાણી જોડાણ ચાર્જ નગરપાલિકામાં જમા કરાવવાનો રહેશે.

૧૦. રસ્તાને તોડીને જોડાણ લેવાનું થાય તો તે તોડવા માટે અલાયદી અરજી આપીને મુખ્ય અધિકારીની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે. તેમ જ રસ્તાની મરામત અંગેનું ખર્ચ અગાઉથી ભરવાનું રહેશે.

૧૧. જે હેતુ માટે જોડાણ મંજૂર કરવામાં આવે તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહેશે. એ સિવાય ઉપયોગ થતો જણાશે તો પાણી પુરવઠો બંધ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### ૨. ખાસ પાણી ફી કોની પાસેથી લેવાશે?

૧. જે ઈમારત કે જમીન પર ખાસ પાણી ફી આકારવામાં આવેલ હોય તેના માલિકના કબજામાં હોય તો માલિક પાસેથી, અથવા (૧) જો તે ભાડે આપેલ હોય તો ભાડે આપનાર વ્યક્તિ પાસેથી. (૨) જો તે પેટા ભાડે આપવામાં આવ્યું હોય તો જે વ્યક્તિને તે ભાડે આપવાનો હક પ્રાપ્ત થતો હોય તે વ્યક્તિ પાસેથી. (૩) જો તે ભાડે આપવામાં આવી ન હોય તો જે વ્યક્તિને તે ભાડે આપવાનો હક પ્રાપ્ત થતો હોય તે વ્યક્તિ પાસેથી.

૨. મિલકતનું વેચાણ થાય અથવા અન્ય રીતે બીજી વ્યક્તિના કબજા ભોગવટામાં હોય ત્યારે ફીની લેણી નીકળતી રકમ ભરપાઈ કરવા માટેની જવાબદારી કબજો-ભોગવટો મેળવનાર વ્યક્તિની રહેશે. તેણે જોડાણ પોતાના નામે કરાવવા માટે મિલકતના આધાર પુરાવા સાથે અરજી કરવાની રહેશે. તે મંજૂર કરવાની સત્તા મુખ્ય અધિકારીને રહેશે. નામ ટ્રાન્સફર કરાવનારે નામ ટ્રાન્સફર ફી તથા અન્ય ચાર્જ ભરવાનાં રહેશે.

૩. જોડાણના સ્થળ ફેરની, ધારકનું નામ બદલવાની, રિપેર કરવાની, જોડાણ બંધ કરવા કે નળ જોડાણ ચાલુ કરવા વગેરે બધી બાબતો માટેની મંજૂરી મેળવવાની રહેશે. તેમ નહીં થાય ત્યાં સુધી ફી આકારવામાં આવશે અને તે ભરપાઈ કરવાની રહેશે.

૪. પાણી પુરવઠો બંધ કરવા માટેની લેખિત અરજી નગરપાલિકામાં આપવાની રહેશે. અરજદારની માગણી મંજૂર થયેથી જે માસમાં સેવા બંધ કરવામાં આવે તે માસની આખર તારીખ સુધીની પૂરેપૂરી ફીની રકમ ભરપાઈ કરવાની રહેશે.

૫. જે માસમાં જોડાણ આપવામાં આવે તે માસની પહેલી તારીખથી આખા વર્ષની પૂરેપૂરા સમયની ફી વસૂલ લેવામાં આવશે.

૬. જમીનની માલિકી પોતાની ન હોય તેવા રહેણાંક ઝૂંપડું કે મકાન કે જે જાહેર રસ્તા ઉપર ન હોય અને ભવિષ્યમાં કોઈને પણ નડતરરૂપ ન હોય તેવા ઝૂંપડા કે મકાનમાં જોડાણ અપાય તો ફી વસૂલ કરાશે. માલિકીનો હક્ક ઉપસ્થિત કે સાબિત થતો નથી તે મતલબનું લખાણ રૂ. ૫૦ના નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ પર કરી માગણીદારે બે પ્રતિષ્ઠિત નાગરિકો કે પાલિકાના સદસ્યોની સાક્ષી તરીકેની સહી સાથેનું કરારનામું રજૂ કરવું પડશે.

૭. ઓવરસિયરે સ્થળ પર તપાસ કરી તે રહેણાક ઝૂંપડું કે મકાન જાહેર રસ્તા પર છે કે કેમ તેમ જ જોડાણ આપવામાં વાંધાજનક છે કે કેમ તે અંગેનો અભિપ્રાય આપવાનો રહેશે.

૮. જોડાણ નામ ટ્રાન્સફરને પાત્ર રહેશે નહીં. તેમ જ મુખ્ય અધિકારી આવું જોડાણ રદ કરી શકશે. તેની સામે અપીલ થઈ શકશે નહીં.

### ૩. પાણીનું જોડાણ ક્યારે કપાય?

૧. નીચેનાં કારણોસર કોઈ પણ સમયે જોડાણ કાપી નાંખી શકાશે:

(૧) અધિનિયમની કલમ-૧૩૨ની પેટા કલમ-૩ અન્વયે માગણીની નોટિસ બજાવવામાં આવી હોય અને પંદર દિવસમાં તે રકમ ન ભરાય.

(૨) પાઈપો તથા ચકલીઓમાં નુકસાન થયેલું જણાય અથવા પાણી જોડાણમાં ખામીઓ હોય તો અને જ્યાં સુધી તે નુકસાન અથવા બીજી ખામીઓ સુધારવામાં ન આવે ત્યાં સુધી.

(૩) પાણીનો બગાડ થતો હોય ત્યાં સુધી.

(૪) જોડાણનો દુરુપયોગ થતો જણાય તો તે દુરુપયોગ અટકાવવામાં ન આવે ત્યાં સુધી.

(૫) નકામા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરેલી ના હોય અને જ્યાં સુધી આવી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પાણી પુરવઠો બંધ કરી રૂ. ૧૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરી શકાશે.

(૬) આકસ્મિક પ્રસંગે અથવા તો જરૂરિયાત ઊભી થાય ત્યારે અગર તો સ્વચ્છતા માટે નોટિસ આપી અમુક સમય માટે કે કાયમ માટે સેવા બંધ કરી શકાશે અન તે માટે કોઈ પણ પ્રકારનું વળતર અપાશે નહિ.

(૭) ખાસ પાણી ફીની રકમ ભરેલ નહીં હોય તો ફીની રકમ ઉપરાંત વાર્ષિક ૧૮ ટકા વિલંબિત ચુકવણી ચાર્જ વસૂલ કરવામાં આવશે. ફી તથા વિલંબિત ચુકવણી ચાર્જની બાકી લેણી રકમ ભરપાઈ કરવામાં કસૂર થયેથી પાણી પુરવઠો બંધ થશે.

(૮) કોઈ જોડાણ ધારક ઈલેક્ટ્રિક મોટરથી પાણી ખેંચતો માલૂમ પડશે તો પાણી પુરવઠો બંધ થશે. ઈલેક્ટ્રિક મોટર જપ્ત થશે તેમ જ રૂ. ૧૦૦૦ની રકમ વહીવટી ચાર્જ પેટે વસૂલ થશે.

(૯) પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય ગેરકાયદે જોડાણ લીધેલું હોય કે બીજી કોઈ રીતે ચોરી કરી પાણી મેળવતા હોય તો તેવાં જોડાણો જોગવાઈઓને અધીન રહીને તેમ જ રૂ. ૨૦૦૦ ચાર્જ તથા ફી વસૂલ લઈને રેગ્યુલરાઈઝડ કરી શકાશે. અથવા આવા જોડાણ ધારક સામે દીવાની કે ફોજદારી રાહે પગલાં ભરાશે.

(૧૦) બહારના ભાગે જોડાણ લીધેલું માલૂમ થાય તો જોડાણ કાપી રૂ. ૧૦૦૦નો વહીવટી ચાર્જ તરીકે વસૂલ કરાશે.

૨. જોડાણ કાપી નાખવાના પગલા સામેની અપીલ ૧૫ દિવસમાં વોટર વર્ક્સ સમિતિને કરી શકાશે.

૩. વોટર વર્ક્સ સમિતિના નિર્ણય સામેની અપીલ ૩૦ દિવસમાં કરી શકાશે અને નગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. લેણી થયેલી રકમ અપીલ કરનારે નગરપાલિકામાં અનામત મૂકેલી ન હોય તો અપીલ દાખલ કરી શકાશે નહિ.

### ૪. પુનઃ જોડાણ

૧. જોડાણ કાપી નાખવામાં આવે ત્યારે મૂળ જોડાણ ધારકે લેખિત અરજી કરવી પડશે. તે સિવાય નવેસરથી જોડાણ આપવામાં આવશે નહિ. લેણી રકમો, જોડાણ કાપી નાખવામાં થયેલો ખર્ચ, ફરી જોડાણ માટે નક્કી કરેલો ચાર્જ, ફરી જોડાણ કરવા માટે થનારા ખર્ચની રકમ વગેરે ભરવામાં ન આવે ત્યાં સુધી નવેસરથી જોડાણ અપાશે નહિ.

૨. રસ્તાની મરામત મુખ્ય અધિકારીને ખાતરી થાય એવી રીતે કરી આપવાની રહેશે. તેમ કરવામાં ન આવે તો મુખ્ય અધિકારી તેવું કામ કરાવશે અને જે ખર્ચ થાય તે વસૂલ કરી શકાશે.

### ૫. ખાસ પાણી ફીના દર

૧. ૧લી એપ્રિલે શરૂ થતા અને ૩૧મી માર્ચે પૂરા થતા દરેક નાણાકીય વર્ષ માટે ખાસ પાણી ફી લઈ શકાશે.

૨. નાણાકીય વર્ષની શરૂઆત પછી કોઈ પણ તારીખે જોડાણ અપાય તો તે મહિનાની ૧લી તારીખથી ૩૧મી માર્ચે પૂરા થતા વર્ષ માટે સમભાગે માસિક દર લેવામાં આવશે.

૩. નગરપાલિકા જોડાણ બંધ કરવાના અથવા કાપી નાખવાના કારણે રિફંડ આપશે નહિ, દર માફ કરશે નહિ અથવા કનેક્શન ધારકની નુકસાનીની માગણી ગ્રાહ્ય રાખશે નહિ.

### ૬. ફીની રકમનો ઉપયોગ કરવાની રીતો

૧. ચીફ ઓફિસર તથા મામલતદારના સંયુક્ત સહીવાળું એસ્ક્રો ખાતું રાષ્ટ્રીયકૃત બેંકમાં ખોલાશે અને તેમાં ફીની રકમ જમા કરાશે.

૨. તેનો ફક્ત વીજબિલ ભરવા માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

૩. જોડાણ ફી તથા અન્ય ચાર્જની રકમ પાલિકાના ભંડોળે જમા થશે.

### ૭. પ્લમ્બર સંબંધી નિયમો

૧. પ્લમ્બિંગ કામ માટે આઈ.ટી.આઈ. પ્લમ્બર કોર્સ ઉત્તીર્ણ કર્યાનું પ્રમાણપત્ર ધરાવનાર અથવા તેનાથી ઉચ્ચ ટેક્નિકલ શિક્ષણ ધરાવનારને પરવાનો (લાયસંસ) અપાશે.

૨. પ્લમ્બર તરીકે કામ કરવા ઈચ્છતા દરેક શખ્સે નિયત નમૂનામાં અરજી કરી નગરપાલિકા પાસેથી એક વર્ષનું લાયસન્સ લેવું પડશે. લાયસન્સ રૂ. ૧૦૦ ભર્યેથી આપવામાં આવશે. મુખ્ય અધિકારી અથવા વોટર વર્ક્સ સમિતિ જો લાયસંસ ધારક પ્લમ્બર બિન-આવડતને લઈને અથવા ગેરવર્તણૂક અગર બીજા કોઈ ગંભીર કારણસર લાયસંસને લાયક નથી એવું લાગે ત્યારે તેઓ લાયસંસ

પાછું ખેંચી લેશે. જ્યારે લાયસંસ પાછું ખેંચી લેવામાં આવે ત્યારે લાયસંસ ફી પાછી આપવામાં આવશે નહી.

૩. પ્લમ્બરે દરેક વર્ષે રૂ. ૧૦૦ની ફી ભરી સમયસર રિન્યુ કરાવવાનું રહેશે. લાયસન્સ રિન્યુ કરાવવામાં નહિ આવે તો લાયસંસ આપોઆપ રદ થયેલું ગણાશે.

૪. લાયસંસ લેનારે રૂ. ૫૦૦ની અનામત નગરપાલિકામાં મૂકવાની રહેશે. નગરપાલિકા આ રકમમાંથી લાયસંસ લેનાર શખ્સે નગરપાલિકાની પાણીની પાઈપ લાઈન વગેરેને કોઈ પણ નુકસાન કર્યું હશે તો તે ખર્ચ વસૂલ કરાશે.

૫. વોટર વર્ક્સ ઈન્સ્પેક્ટર, ઈજનેર તથા મુખ્ય અધિકારી પસંદ કર્યા મુજબનો જે માલસામાન પ્લમ્બર વાપરશે.

૬. પ્લમ્બર નગરપાલિકાની પૂર્વ મંજૂરી વગર નગરપાલિકાની પાણી શાખાની પાઈપ લાઈનોને અડકશે નહીં અગર તેના ઉપર કામ કરી શકશે નહીં.

૭. પ્લમ્બર દ્વારા કોઈ પણ ગેરકાયદેસર પાણીનું જોડાણ કરવામાં આવશે તો તેનું લાયસન્સ રદ કરી ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે તેમ જ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

૮. લાયસંસ લેનારે પોતાના રહેણાંકનું સરનામું અગર પોતે કામ કરતો હોય તે જગ્યા કે ઓફિસ અન્ય જગ્યાએ ફેરવ્યાં હોય તો તેની જાણ મુખ્ય અધિકારીને કરવાની રહેશે.

૯. સમયમર્યાદામાં કામ નહિ થવાથી લાયસંસ રદ કરવામાં આવશે.

૧૦. મુખ્ય અધિકારી અગર તેના તરફથી નીમેલા કર્મચારી કે અધિકારી કે ઈન્સ્પેક્ટર જ્યારે માંગે ત્યારે લાયસંસ લેનાર શખ્સે પોતાનું લાયસંસ રજૂ કરવાનું રહેશે.

૧૧. પ્લમ્બરે નગરપાલિકા જણાવે તે જગ્યાએ જ પાણી જોડાણ કરી આપવાનું રહેશે.

૧૨. સંતોષકારક રીતે જોડાણ થયેથી વોટર વર્ક્સ ઈન્સ્પેક્ટરના પ્રમાણપત્રના આધારે લાયસંસ ધારક પ્લમ્બરને નગરપાલિકા તરફથી જોડાણ દીઠ રૂ. ૧૦૦ની રકમ જોડાણ ચાર્જ પેટે ચૂકવવામાં આવશે.

૧૩. લાયસંસ ધારક પ્લમ્બર તેને સોંપવામાં આવેલું કામ પેટા પ્લમ્બરને સોંપી શકશે નહિ.

૧૪. લાયસન્સ ધારક પ્લમ્બર અથવા જોડાણ મેળવનાર આ પેટા નિયમો પૈકી કશાનું ઉલ્લંઘન કરશે તો તેમના ઉપર કામ ચલાવવામાં આવશે અને થયેલ નુકસાનીનું ખર્ચ વસૂલ કરાશે.

૧૫. દરેક પ્લમ્બરે ૦ાાનું જ જોડાણ આપવાનું રહેશે.

૧૬. ઘરદીઠ એક જ કનેક્શન આપવાનું રહેશે. નગરપાલિકાની મંજૂરી વગર એકથી વધુ જોડાણ આપી શકાશે નહીં.

૧૭. પૂર્વમંજૂરીવાળાં જોડાણો પ્લમ્બરોએ કરી આપવાનાં રહેશે.

૧૮. નિયત ૦ાા ઈંચની સાઈઝ કરતાં વધારે સાઈઝનું જોડાણ લીધેલું હશે તો જોડાણ ધરાવનારા પાસેથી રૂ. ૧૦૦૦નો ચાર્જ વસૂલ કરવામાં આવશે અને આવું જોડાણ બંધ કરવામાં આવશે.

## ખાસ પાણી ફી દર (રૂ.)

| ક્રમ | પાણી જોડાણનો હેતુ | હાલના દર | સૂચિત દર |
|---|---|---|---|
| ૧. | રહેણાંક, ધર્મશાળા, મુસાફરખાનું, તા.પં. હસ્તકની પ્રાથમિક શાળા | ૯૬ | ૫૦૦ |
| ૨. | મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા, જિનાલય જેવાં ધાર્મિક સ્થળો | ૬૦ | ૫૦૦ |
| ૩. | બેંક, સરકારી/અર્ધસરકારી કચેરી, સહકારી મંડળીઓ | ૯૬ | ૧૫૦૦ |
| ૪. | કોમર્શિયલ પેઢીઓ, ખાનગી શાળાઓ-કોલેજો તથા છાત્રાલયો, જમાતખાનું, જ્ઞાતિની વાડી, કોમ્યુનિટી હોલ, રંગાટી કામ, પાવરલૂમ્સ, રહેણાંક તથા ધંધાદારી ઉપયોગવાળી મિલકતો, મોટર ગેરેજો, મરઘાં ઉછેર કેન્દ્ર, હોસ્પિટલ, પેથોલોજી લેબોરેટરી | ૬૦૦ | ૧૫૦૦ |
| ૫. | રાઈસ મિલ, કોટન જિનિંગ એન્ડ પ્રેસિંગ મિલ, કપાસિયા ઓઈલ, પથ્થરની લાટીઓ લાકડાની લાટીઓ, સિનેમાઘર, વિડિયો થિયેટરો, હોટલ, રેસ્ટોરન્ટ, લોજ, ગેસ્ટ-હાઉસ, નાટકગૃહો, આઈસ કેન્ડી અને ઠંડાં પીણાંના સ્ટોલ, મનોરંજન સ્થળ, બાગ-બગીચા, ખુલ્લા પ્લોટો, પાર્ટી પ્લોટો | ૬૦૦ | ૨૪૦૦ |
| ૬. | આઈસ ફેક્ટરી, સર્વિસ સ્ટેશનો, સિમેન્ટ પાઈપ, બનાવવાની ફેક્ટરી | ૧૨૦૦ | ૩૦૦૦ |
| ૭. | જમીનની માલિકી પોતાની ન હોય તેવી રહેણાંક ઝૂંપડપટ્ટી | - | ૫૦૦ |
| ૮. | બાંધકામના હેતુ માટે રોજના | ૧૦ | ૫૦ |
| ૯. | નવા નળ કનેક્શન માટેનો ચાર્જ | ૨૦ | ૨૫૦ |
| ૧૦. | નગરપાલિકાના તમામ કરવેરાના બાકી લેણાં સમયસર ભરપાઈ ન થવાના કારણે તથા અન્ય કારણોસર જોડાણ કાપી નાખવામાં આવે ત્યારે ફરી જોડાણ કરવા માટેનો ચાર્જ | - | ૧૦૦૦ |
| ૧૧. | નવા જોડાણ માટે ડામર રસ્તાના ખોદાણ દર | રિપેરિંગ ખર્ચ | રિપેરિંગ ખર્ચ |
| ૧૨. | નવું નળ કનેક્શન મેળવવાનાં ફોર્મ-૧ | ૧ | ૭ |
| ૧૩. | ટેપ કનેક્શન ચાર્જ (સ્થળ ફેર) | - | ૨૫૦ |
| ૧૪. | નામ ટ્રાન્સફર ચાર્જ પ્રત્યેક જોડાણ દીઠ | - | ૨૫૦ |
| ૧૫. | નિયત કરેલ એફિડેવિટ નંગ-૧ | - | ૨૫ |
| ૧૬. | નામ ટ્રાન્સફર માટેનું અરજી ફોર્મ | - | ૭ |

# ગટર વેરા અંગેના નવા નિયમો

નગરપાલિકાએ નવા ગટર વેરા નિયમો આ મુજબ બહાર પાડ્યા છે:

**જોડાણ કોને ગણાશે?:** (૧) જે મકાન, જમીન કે વિસ્તારની બહારની બાજુએ ગલીટ્રેપ મૂકવામાં આવ્યું હોય અને તેનું ટ્રેપ ગટરની ચેમ્બર સાથે જોડાયેલું હોય. (૨) જ્યારે સમગ્ર વિસ્તારના ગંદા પાણીના નિકાલ માટ સામાન્ય ગોઠવણ કરાઈ હોય. (૩) ઈમારત કે જમીન પરનું ક્લોઝેટ જાજરૂ કે પેશાબખાનું ગટર યોજના સાથે જોડાયેલું હોય. (૪) મિલ અથવા ફેક્ટરીની હદનો કોઈ ભાગ ગટર યોજના સાથે સીધી કે આડકતરી રીતે જોડાયેલો હોય. (૫) કોઈ મહોલ્લા, સોસાયટી કે પોળના રહીશોએ પોતાના ખર્ચે ભૂગર્ભ કે ખુલ્લી નીક બનાવેલી હોય અને તેમાં વપરાશી પાણીનો નિકાલ થતો હોય અને તે ગટર લાઈન સાથે જોડાયેલી હોય.

**ખાળકૂવા:** (૧) જે જગ્યા કે વિસ્તારમાં ગટરનું જોડાણ શક્ય ના હોય ત્યાં ખાળકૂવા શક્ય હોય ત્યાં સુધી પોતાની માલિકીની જમીનમાં કરવાના રહેશે. (૨) જાહેર રસ્તા પૈકીની જમીનમાં નગરપાલિકાની પરવાનગી સિવાય ખાળકૂવો કરી શકાશે નહિ. (૩) પરવાનગી મળ્યે કરાયેલા ખાળકૂવા માટે દર વર્ષે નિયમિત ફી ભરવાની રહેશે. (૪) ખાળકૂવાની ફી ભરવાની બાકી હોય તો તે ખાળકૂવો પૂરી નાખવા માટે મુખ્ય અધિકારી નિર્ણય કરી શકશે.

**ગટર જોડાણ ક્યારે કપાય?:** (૧) ગટર વેરો સમયસર ભરપાઈ ન થાય તો મુખ્ય અધિકારી ગટરનું જોડાણ બંધ કરી શકશે. અને ગટર જોડાણ ધરાવનાર સામે કાયદેસરની કાર્યવાહી કરી શકાશે.

**ગટરનું ફરી જોડાણ:** (૧) કપાયેલા ગટર જોડાણને ફરી શરૂ કરવા રૂ. ૫૦૦ ફી તરીકે ભરવાના રહેશે. જોડાણ મંજૂર કરવાની સત્તા મુખ્ય અધિકારીની રહેશે.

**આકારણી:** (૧) મહોલ્લા, સોસાયટી, ફ્લેટ કે વ્યાવસાયિક સંકુલ વગેરે પ્રકારની મિલકતોનું ગટર લાઈન સાથે જોડાણ હશે તો દરેક મકાન દીઠ ગટર વેરો આકારી વસૂલ કરવામાં આવશે.

**ગટર વેરાના વાર્ષિક દર**

| ક્રમ | હેતુ | હાલના દર | | સૂચિત દર | |
|---|---|---|---|---|---|
| | | ગટર વેરો | જોડાણ ચાર્જ | ગટર વેરો | જોડાણ ચાર્જ |
| ૧. | જેનો ઉપયોગ ફક્ત રહેઠાણ તરીકે જ થતો હોય તેવી ઈમારતો કે જમીનનો ગટર વેરો | રૂ. ૮૦ | રૂ. ૪૦ | રૂ. ૧૬૦ | રૂ. ૩૦૦ |
| ૨. | કોમર્શિયલ તેમ જ વ્યવસાયિક હેતુ માટે ઉપયોગ થતી હોય તેવી ઈમારતો કે જમીનનો ગટર વેરો | રૂ. ૩૬૦ | રૂ. ૪૦ | રૂ. ૭૫૦ | રૂ. ૪૦૦ |
| ૩. | જેનો ઉપયોગ હોસ્પિટલ, બોર્ડિંગ હાઉસ, થિયેટર, રહેઠાણવાળી લોજ કે હોટલ, નાનાં કારખાનાં, શોપિંગ સેન્ટર તેમ જ હોલ કે વાડી તરીકે થતો હશે તેવા મકાન અથવા જમીનનો ગટર વેરો | રૂ. ૩૬૦ | રૂ. ૪૦ | રૂ. ૧૨૦૦ | રૂ. ૬૦૦ |
| ૪. | રેલવે સત્તાવાળાની તથા પોલિસ સત્તાની તથા સરકારની તમામ મિલકત તથા અન્ય સહકારી સંસ્થાઓની તથા અર્ધસરકારી સંસ્થાઓની, શૈક્ષણિક સંસ્થાઓ, તાલુકા પંચાયતની તથા પોસ્ટ એન્ડ ટેલિગ્રાફ્સ ડિપાર્ટમેન્ટની તમામ મિલકત કે જેમાં ખુલ્લી જમીનોનો પણ સમાવેશ થાય છે | રૂ. ૩૬૦ | રૂ. ૪૦ | રૂ. ૧૦૦૦ | રૂ. ૫૦૦ |
| ૫. | જે ઈમારત કે જમીનનો ઉપયોગ રાઈસ મિલ, ઓઈલ મિલ, જિનિંગ ફેક્ટરી, મમરા-પૌંઆ ફેક્ટરી, અન્ય કારખાના, ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ તેમ જ આઈસ ફેક્ટરી તરીકે થતો હશે તેવી મિલકતો | રૂ. ૩૬૦ | રૂ. ૪૦ | રૂ. ૧૫૦૦ | રૂ. ૧૫૦૦ |
| ૬. | ખાળકૂવા ફી | રૂ. ૫ | - | રૂ. ૫૦૦ | - |


**વધુ માહિતી માટે સંપર્ક**

વહીવટદાર અને ચીફ ઓફિસર
**ધોળકા નગરપાલિકા**
ટાવર બજાર, ધોળકા.
ફોન નં: ૯૫-૨૭૧૪-૨૨૨૨૬૨

**નાગરિક સહયોગ કેન્દ્ર**
(ઉન્નતિ અને ધોળકા નગરપાલિકાનો સંયુક્ત પ્રયાસ)
મારફતિયા ઓફિસ પાસે,
રેલવે સ્ટેશન રોડ, ધોળકા. ફોન નં: ૯૫-૨૭૧૪-૨૨૨૩૭૧

**ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ફોન: (૦૭૯) ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬, ફેક્સ: ૨૬૭૪૩૭૫૨



*ફક્ત અંગત વિતરણ માટે*